Appli.(ESI)No.02/2018
Order Under Ex-26

# કામદાર રાજય વિમા અદાલત નં.ર ના ન્યાયાધિશ સમક્ષ, સુરત.

અરજી(ઈ.એસ.આઈ.)નં.૦ર/ર૦૧૮

અરજદારઃ– એકતા પ્રિન્ટસ પ્રા.લી.
તરફે તેના ડાયરેકટર
શ્રી ગીરધારીવાલા લુરીદારામ ગંભીર
ઠે.પ્લોટ નં.૧૬૭, જી.આઈ.ડી.સી.
પાંડેસરા, સુરત.

::– વિરૂધ્ધ –::

સામાવાળાઃ– (૧) એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન
(ર) ડેપ્યુટી ડાયરેકટર
(૩) જોઈન્ટ ડાયરેકટર
ઠે. ઈ.એસ.આઈ. હોસ્પિટલ કેમ્પસ,
સીવીલ ચાર રસ્તા, રીંગરોડ, સુરત.

::– કોર્ટ બહાર સમાધાન કરવા પરવાનગી માટેની આંક–ર૬ ની અરજી નીચે હુકમ –::

અરજદાર તરફેની હાલની અરજી ઈ.એસ.આઈ. કોર્પોરેશનની ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–ર૦ર૫ અંતર્ગત કોર્ટ બહાર સમાધાન કરવા માટે પરવાનગી મેળવવા માટેની છે. ઈ.એસ.આઈ. કોર્પોરેશન ઘ્વારા ઈ.એસ.આઈ. એકટ હેઠળના રાજય વિમા અદાલત સમક્ષના પડતર કેસોમાં પતાવટ કરવા અંગે ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–ર૦ર૫ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં આ સ્કીમ હેઠળ કોર્ટ બહાર પતાવટ કરવા માટે અરજદાર સંસ્થાએ રાજય વિમા અદાલતની પરવાનગી મેળવવાની શરત મુકવામાં આવેલ છે. આ કામના અરજદાર આ સ્કીમનો લાભ મેળવવા માંગતા હોઈ આ સ્કીમ હેઠળ કોર્ટ બહાર પતાવટ કરવા પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. વૈકલ્પિક વિવાદ નિવારણ સંબંધી કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં, આ કામના અરજદારની અરજીમાં માંગ્યા મુજબની પરવાનગી આપતી યોગ્ય, જરૂરી અને ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

Appli.(ESI)No.02/2018
Order Under Ex-26

::– હુ ક મ –::

આ કામના અરજદારને ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ હેઠળ આ કામની કોર્ટ બહાર પતાવટ કરવા પરવાનગી આપવામાં આવે છે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
ન્યાયાધીશ,કામદાર રાજ્ય વીમા અદાલત,
કોર્ટ નં.૨, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(સ્ટેનો.–સી.જી.ચૌધરી)